રણછોડજીના ગરબા.

અલબેલીરે અબે માત જોવાને જઇએ. એ રાગ,
છોગાળા છબીલા છેલ રણછોડ રંગીલા રંગીલા,
કરી બોડાણા પર મેહેર હો મોરલીવાળા. ટેક.
અકળ કળા અલબેલા તારી, પાર ન પામે શેશરે.
વેદ વીશારી વીશમય પામ્યા, સમજાયો નહી લેશરે; રણ. ૧
મહા મોહોટમ મહારાજ તમારી, મુખથી કેમ કહેવાયરે.
સમુદ્રમાથી ચાચ ભરે જેમ, પક્ષીની તુરશા જાય. રણ. ૨
મંદગતી માહારાજ મારી. મલીન મારૂ મનરે,
શરણે રાખો શામળીયા મને, જાણી તમારો જન, ર. ૩
દ્વારકાના વાશી રાય રણછોડ તમારૂ નામરે;
ધણી દયા ગુજરાત ઉપર કરી, આવ્યા ડાકોર ગામ, ર. ૪
બોડાણાની ભક્તિ ભાવી, ભુદરજી ભલે તમનેરે;
અઢળક ઢળીઆ ધરણીધર દુર્લભ છે અગમ નીગમ, ર. ૫
ધન બોડાણા ધીરજ તારી, ધન ધન તારી માતરે
પાતગીઓ પોતાના કીધા, હેતે લીધા હાથ; ર. ૬
શીતેર વરશે શેવા કરીને, સામળીઆ સમજાવ્યારે;
ડાકોરથી તો દ્વારકાં માહે, વરશે બે ત્રણ ફેરા ખાવા. ર. ૭
કરમાં તુલશી વાવીને જઇ ચતુરભુજને ચડાવીરે,

પ્રભુજીતો પ્રસન થયાને, દીલમાં દયા આવી, ૨. ૮
અલબેલો એમ બોલ્યા મુખથી, બોડાણાની સાથરે;
એકાંત આવીને કહ્યુ, તે કોઠ ન જાણે વાત ૨ ૯
ઘણા દીવસ તેં મારે કાજ, મોટું કસ્ટ કીધુ રે;
વપુ તારૂ વરધ થયુ, તે જોઇ મારૂ મન બીધું, ૨. ૧૦
તે માટે હું તારી સાથે, આવું તારે ગામરે
તારે ચરણે નથી ચલાતું, તે માટે તજવું ધામ, ૨ ૧૧
કહયું મારૂ માની કાલે, જા તું ડાકોર ગામરે;
વેહેલ લાવ તું વાત ન ફુટે, મનમા રાખી હામ, ૨. ૧૨
બોડાણો કહે બાપજી હું, વેલ કયાથી લાવુ રે,
મારે ઘેરતો નથી મંહારાજ, કેમ કરીને આવું, ૨. ૧૩
મોહનજી કહે માગી લાવો, જેવિ તેવી વેહેલરે;
જાત જોયાનું કામ નથી, બે જોડી લાવો બેલ, ૨ ૧૪
બોડાણાને વચનજ આપી, વીદાય કીધો વળતીરે;
વનમાળી કહે તારે મારે, વાત આવી છે મળતી, ૨. ૧૫
વારૂ કહીને વીઠલજીને, ચરણે પડયો કરજોડરે;
લજ્જા મારી લટકાળા તમે, રાખજો શ્રી રણછોડ, ૨. ૧૬
અતી આતુરતા અગમાં ને, આવ્યો ડાકોર ગામરે;
પાડોશીને પેર કરી મારે, તમ સરખું છે કામ, ૨. ૧૭
ઉપકાર માનું તમ તણો, જો આલો બળદને વેલરે;
જાવું દવારકાં છેલો ફેરો, તીકમજીની ટેલ, ૨. ૧૮
પુરવાશી પાડોશી કહે ભાઇ, જેવી તેવી મળશેરે;
જેમ તેમ કરીને જોડી જા, ભાઇ ભાગ્ય તારૂ ફળશે, ૨. ૧૯

હેવું સાંભળી ઉઠયો પોતે, વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતાં વનમાળીના, મંદીર પાછળ છોડી. ર. ૨૦

ધુમ્રાળી સઉકો હસવા લાગીયા, કઉતક સરખી વાતરે·
બોડાણો તો આણે આવ્યા, લઇજવાને નાથ, ર. ૨૧
વેહેલને બે બળદ જોતા, હસે ને મુખ મોડેરે;
અરે ભાઇ ભુવનમા ન મળે, આવી બીજી જોડ, ર. ૨૨
બોડાણો કહે હસો ભાઇઓ, હસવા સરખી વાતરે;
ઇશ્વર ઇચ્છા કોઇ નવ જાણે, કેવું થાશે પ્રભાત, ર. ૨૩
સંધ્યા થઇને સેન કરાવ્યું, રણછોડજીને રંગ ભેરરે;
અડધી રાતે ઉઠયા પોતે, પ્રીતમે કરી પેર. ર. ૨૪
તાળા તોડયા ભુગળ ભાજી આવ્યા મંદીર બહારરે;
બોડાણાની પાસે આવી, પ્રેમે કરયો પોકાર, ર. ૨૫
જાગ જાગ તુ ઝટપટ કરીને, વિઠલ કહે વેહેલ જોડરે
બોડાણો ઝબકીને જાગ્યો; દીઠા શ્રી રણછોડ, ર. ૨૬
ગદગદ કંઠે ગળગળુ બોલે થરથર ધ્રુજે અંગરે;
ગોવીંદજી હવે શી ગત થાશે, તમો રાખજો રંગ ર. ૨૭
બળદતો બેશે ન ઉઠે, ચાલે નહી લગારરે;
પ્રાતઃસમે તો પકડશે મુને, મારસે બહુ માર ર, ૨૮
જગજીવન કહે જેમ તેમ કરતુ, ઝાંપા સુધી કાઢરે,
હાકીશ પછી હુ હેત કરીને, માનીશ તારો પાડ, ર. ૨૯
જેમ તેમ કરતાં ઝાપા સુધી. પાછલી રાતે પોહોચ્યારે,
રાસ પરણો પોતે લીધો બોડાણો માહે સુતો ર. ૩૦
વેગે વેહેલ ઉડાડી પોતે. અંતરીક્ષથી અલબેલરે;

ઉમરેઠને ડાકોરની બચ્ચે, આણીને તે મેલે. ૨. ૩૧
બોડાણાને કહે જગજીવન. જાગી જોને વાટરે;
પ્રાત' થયો ઉઠ આળસ મેલી, જો આવ્યો કાંઇ ઘાટ, ૨. ૩૨
આખ ઉઘાડી ઉચુ જોયુ, બોડાણે તેણી વારરે;
સામળીયા સીમાડો મારો, ગામ તણો નીરધાર, ૨ ૩૩
અલબેલા ઉતરીઆ હેઠે લીંબ તળે લટકાળોરે,
વીસરામ કીધો વાલાજીએ, થભીને થાક ટાલ્યો. ૨. ૩૪
લીબડાનું લટકાળા તમે, એક ડાળ કીધુ મીઠુરે;
કર અડકાડી કડવાસ કાડી, તે સઉએ નજરે દીઠું ૨. ૩૫
પાતળીએ ત્યાં પગલા પાડયા, પોતાના સાક્ષાતરે
અઘાપી એધાણી તેની, સરવે જાણે વાત. ૨, ૩૬
એમ કહી અલબેલા આવ્યા, દડબડ ડાકોર ગામરે,
બોડાણા પ્રત્યે એમજ બોલ્યા, મને રહેવાને કર ઠામ ૨. ૩૭
ધરણિધર કહે ધામ તજ્યુ, મેતો સઉ કોઇએ જાણ્યુંરે.
મદીરમા મુજને નહી દેખે, જ્યારે વાસે વહાણુ રે, ૨. ૩૮
ધશ્ર મશ્ર કરતા ધાઇ આવશે, ગુગળી ધર વાળારે;
સામળીઓ કહે મુજને સતાડી, તું ઝાલી બેસરે માળા ૨. ૩૯
ગોગમતીમા ગોવીંદજી પેઠા, વચ્યમાં વનમાળીને,
ગાળો દેતા ગુગળી આવ્યા, થોડે દીવશે ચાલીરે. ૨. ૪૦
બોડાણાને બાધી લાવો ગુગળી એમ બોલ્યારે.
બોડાણો ગોરસ લઇ મળવા, ગયા સઉના પેહેલા, ૨. ૪૧
આવતામા આંખ ચડાવી, ગુગળીએ વિકરાળરે;
ચોર તું કેમ ચોરી લાવ્યો, ભુદરજી ભુપાળ; ૨. ૪૨

બોલ બોલ કહી બરછી મારી, મુરછાગતાતે પાડયોરે;
અગીકાર કરી અલબેલો, હજીએ દીશે ખાડો. ૨. ૪૩
ગોમતીમાં રૂધીર થયું તે, જાહેર જુગ મોઝારરે;
એ એધાણુ અલબેલોજી, સોધી કહાડયા નિર બહાર. ૨. ૪૪
બે વચને તીયા બળવંત બોલ્યા, હું હવે નહીં આવુંરે;
મુજ બરોબર સોનુ લઇને, કરો તમે મન ભાવ્યુ. ૨. ૪૫
લાલચમા લપટાયા સરવે, લોભમાં લેવાયારે;
સરકારે સરવે પંચ મળીને, તાશ તીરે લાવ્યા. ૨ ૪૬
સામા સામી લખ્યુ લઇને, બોડાણો એમ બોલ્યોરે;
એકાતે અલબેલા સાથે, પ્રીતે પડદો ખોલ્યો ૨ ૪૭
માહારાજ મુજ પાસ નથી, વાલ કેરી વીટીરે;
સોનું જોઇએ સામ બરાબર, ચિતમા ચીંતા પેઠી. ૨. ૪૮
ગોવીદજી કહે ઘેર જઇને, ગંગાબાઇને પુછોરે;
શવા વાલની વાળી છે, લાવો તમે કયાં ધુજો. ૨. ૪૯
ઘેર આવીને ગંગાબાઇને, વાત કહી વીસતારીરે;
વાળી લઈ વનમાળી તેડે, ગોવીંદની ગત ન્યારી. ૨. ૫૦
તરત લઇને તિરે આવ્યા, વળી રાખિ પાસરે,
લજયા રાખો લટકાળા હુ, ચરણુ કમળની દાસ. ૨. ૫૧
ત્રડની ઓળે ત્રાસ બાધ્યો, ત્રિકમજીને તોળ્યોરે;
વાળિ નમીને વાલમ કરયા; પછી જે જે સહુકો બોલ્યા. ૨ ૫૨
ઝાખા થઇને જુગજીવનને, ગુગળી ગાળો દેછેરે;
કાળા તુજમા કપટ ભરયું છે, જુઠ ઝાઝેરી રહેછે. ૨. ૫૩
બાળપણે તે મામો મારયો, મથુરા નગરી માયરે;

આજ લગી અમને છેતરાવ્યા, હવે જઇને ક્યાંય. ર. ૫૪
પ્રભુ કહે પાછા ફરો જાઓ દ્વારકાં મોજારરે;
સ્વરૂપ મારૂ શેવંત્રામા છે તે કહાડજો બાહાર. ર. ૫૫
નીરાશ થઇ નીશાસો મુકી ગુગળી ઘેર પધારયારે;
શેવંત્રીમાં જઇને જોયું પ્રભુ ત્યાતો પધારયા. ર. ૫૬

સવત બારને બારમાં, પ્રભુ બાકી કશી ન રાખીરે;
દયા કરીને ડાકોર આવ્યા, તે સરવે પુરે શાખી. ર. ૫૭
વરશ પાંચશે અગનોતેરા સુધી અલબેલે એમ કીધુરે,
ત્યાં લગી તો ગોમતી તીરે સઉને દરશન દીધું. ર. ૫૮
અભેસગ એક રાજા આવ્યો, મારવાડથી મોટોરે;
પીલાજીશું પરપંચ કીધો મનમાં મેલેરે ખોટોરે. ર. ૫૯
તેણે મન મારયુ મોહનજીનુ મંદીરતો આદરવુ રે;
જગજીવનને જોગ મેળવવો, પરમેશ્વરનુ કરવુ. ર. ૬૦

કંવજ કીધુ જાણિુ વજીર, રતનશીધને તેડે;
મોહનજીનુ મદીર મોટુ કરવુ દિવસે થોડે. ર. ૬૧
મંદીર કરીને મહારાજને પધરાવ્યા તાથી પ્રીતેરે;
સંવત સત્તર એકાસીમાં રંગીલો રંગ રીતે. ર. ૬૨
માણેકઠારીએ મેળો કીધો, મોહનને મન ભાવેરે,
વઇરણુવ વાજીત્ર લઇ સરવે સમજે આવે. ર. ૬૩
મોટુ મહાતમ જાણીને જન સરવે દરશન આવોરે;
ભેટ સામગ્રી સણુગાર સારાં સામળીઆને ભાવે. ર. ૬૪
મેળા મહાભારત થયો, તે મંદીરમાં ન માયરે;
જગવજીનને જોવા તેતો જન ઘણુા ત્યાં જાય. ર. ૬૫

ત્યારે મહારાજે મનસુબો કીધો, મંદીર મોટુ કીજેરે;
ઉચે આશ્નને અમો બેસીને, દરશન સહુને દીજેરે. ૨. ૬૬
ત્રાબેકરને તરત કહ્યું તે ક્ષણું ન લાગી વારરે;
ડાકોરમાં તે દોડી આયો પુનાના રહેનાર. ૨. ૬૭
આવીને અલબેલા કેરૂ, આરંભ્યું મંદિરરે;
સલાટ સારા શોધી કહે છે વેગે કરજો વીર. ૨. ૬૮
કામ કરતાં કસર ન કરશો પઇશો પુરો પાડુરે;
ધાનતો ધરણી ધરનું સરવે સ્યામ મુસ્તક ગાડુ. ૨. ૬૯
પાયામાતો પથર પુરયા, શીશુ ઢાળુ સારરે;
મોહનજીનુ મદીર કીધુ શોભાનો નહી પાર, ૨. ૭૦
મહારાજનુ મદીર થયું ત્રીજે વરશે તઇઆરરે;
પ્રભુજીને પધરાવવા તણો કીધો છે નીરધાર. ૨. ૭૧
સરવે મળીને સામળીઆની પાશે આવ્યા પ્રીતેરે;
મહુરત જોવા મોટા જોશી તેડાવ્યા રગ રીતે. ૨. ૭૨
મહુરત જોઈ જોશી કહે છે મંદીરમાં પધરાવોરે;
મોટુ મહુરત આજ દહાડો ફરી ન આવે આવો. ૨. ૭૩
અલબેલાજીને ઉચકે પણ ઉપડે નહી તલ માત્રરે;
વીચારિ સહુ વિસ્મે પામ્યા ગળીયા સહુનાં ગાત્ર. ૨. ૭૪
શુ થાસે શામળીઆ મોટુ મંદીર મીથ્યા થાશેરે;
ત્રાબેકર કહે ટેક રાખજો, લજ્જા મારી જાસે. ૨. ૭૫
પુનદાન બહુ પેરે કીધા પાતળીઓ પધરાવારે;
તોયે પણ પાતળીઓ ના માને મોટે મદીર જાવા. ૨. ૭૬
સાંજ પડીને સહુકો થાકયા, કોઇને ન સુજે વાતરે;

અલબેલાને એમ ગમ્યુ ને હેઠા પડીઆ હાથ, ર. ૭૭
પ્રભુજીએ પુરચો પુરવાશી, કોઇ બોલ્યો આવી વાતરે;
જુગજીવનને જોઇએ બાઇઓ, બોડાણાની જાત. ર. ૭૮
તેનાં કુળમાં કોઇ હોય તો, અલબેલોજી ઉઠેરે;
ખોળીને ખબર મગાવો, તો ત્રીકમજી ઉઠે ર ૭૯
સોધ કરીને સોધી કહાડયો, કુળ મધેનો કોઇરે;
જોતાં જગજીવન કેરૂ મન રહ્યું છે મોહી. ર ૮૦
અલબેલાને અગે ભટકયા સંગે સઘળો સાથરે;
અંતરીક્ષ ઉઠ્યા અલબેલા તે કોઈ ન જાણે વાત. ર ૮૧
પ્રીતિ કરી પાતળીયો લઇને મોટે મદીર ચાલ્યારે;
સીહાસન ઉપર શામળીયો હરજી હેતે આવ્યા ર ૮૨
સંવતે અઢારસેં અઠાવીશે પ્રીત કરી પધારયારે,
સહુને સુખ આપ્યુ શામળીયે, અંગે રગ વધારયા. ર. ૮૩
બોડાણાનુ બદ જણાવા, વશ બોલાવ્યા વાહાલેરે,
ત્રાણેકર તેને તેડીને સરપાવ સારા આલે રણછોડ. ર ૮૪
ડાકોર કીધુ દવારકા, તે ત્રીકમજી તતકાળરે;
લવલવ માગી લેખે લખજો, તમો પીતા હુ બાળરે. ર ૮૫
સિહાસનની સોભા સારી, આસનનુ નહિ કામરે;
મધે મોહન તમો બીરાજો, જોવા સરખુ ધામ ર ૮૬
ચરણ કમળનુ ચીતવન કરતાં, ચીંતા ઓળખાયરે,
પુરા ઝાંઝર ઘુઘરીઓ, અલબેલા લેવુ લાવ. ર ૮૭
પીતાબર પીળું છે તેની કસબી છે કોરરે;
જડીત્ર કંદોરો જોડે શોભે, ઘુઘરી ઘમઘોર. ર. ૮૮

કસબી વાઘો કનક સરીખો, પટકો પીળો શોભેરે;
લેહેર કસબીની છેડા ઉપર, અલબેલાને ઓપેરે. ૨. ૮૯
ચારે હાથે ચતરૂભુજને કડાં ચુંનીયો વાળાંરે;
સાકળી અગે સારી સોભે બાજુબધ નખરાવાળાં. ૨. ૯૦
આગળીએ અંગુઠે ઉજવળ વેઢ અને વીંટીરે,
પુચી સાકળા પાતળીઆને મુખમાં મોરલી મીઠીરે. ૨. ૯૧
નોતિ માળા ત્રણ તેવડી અલબેલાને ઓપેરે,
મોહનમાળા મોટી ગાહે ચરણે જઇને ચોપેરે. ૨. ૯૨
સોનાની સાકળીઓ દોરો ડુગડુગીયો માહી ઝળકેરે;
શાખ ગદા પદમને ચકર ચારે હાથે ચળકે, ૨. ૯૩
ગળેબધ ગળામાં સોહિએ કાને કુંડળ મોતીરે;
જડાવનુ તીલક જદુવરને અખડ જોત ઉદયોતિ. ૨ ૯૪
મુગટ મનોહર માહારાજનો જુગમા ન મળે જોડોરે,
મહા ચુનીઓ ઝળકે ઝાઝી કલગીનો તોરો. ૨ ૯૫
અદભુત અકલમા નાવે એક રસના શુ ભાખુરે,
આપર તેનો પાર નથી હુ કેમ કરી ઝાખુ ૨ ૯૬
જેને જેવો જોઇએ તેને તેવો છે અલબેલોરે;
ગવાય તેમ ગુણ એના ગાજો રણે મુળગો મેલો. ૨ ૯૭
ધન બોડાણા ધીરજ તારી બળવતને તેં બાધ્યોરે,
જોગી મુનીને જે છે દુલભ, તે પ્રભુ તુંજરે લાધ્યો. ૨ ૯૮
ડાસરીમા ઠીક નીકળીગો પ્રગણામાં પ્રીતેરે;
દુનીયામાં તે ડંકો કીધો ડાકોરમા રહી રંગ રીતે. ૨ ૯૯
ચાર જુગમા જાણ થયો તુ, બોડાણો બલીહારીરે,

તન મન ધન તે ત્રીકમ ઉપર સરવે નાંખ્યું વારી. ર. ૧૦૦
અલબેલાને અરજ અમારી, એકાતે તમે કેહજોરે;
અવગણુનોતો આક નથી તમો શામળીયાજી સેહેજો. ર. ૧૦૧
જો મોહન મનમા જાણોતો જુગમાં ન મળે જોડરે;
ત્રાહ્યા ત્રાહ્યાશરણાંગત રાખો રંગીલા રણછોડ, ર. ૧૦૨
જે જે અવગુણ જોશો તે પ્રભુ મુજમાં ભરવા ભરપુરરે;
આળ કરોનો ઉંડી જાઉ જેમ આકડાનુ તુર. ર. ૧૦૩
શામળીયા તમે સામુ સ્નેહધરી શામરે;
મન ધરવો મોહનજી મારૂ શેજે થાઓ કામ. ર. ૧૦૪
ચરણ કમળાજેમ ચીતડું, મારૂ તાણીને તમો રાખોરે;
ધણી થઈ ગીરધારી મુજને તરછોડી ના નાખો. ર. ૧૦૫
બેઉ કરજોડી ચરણે લગુ, સો સો કરૂ સલામરે;
રણછોડને તમો રાખી રસીઆ, ખાના જાત ગુલામ. ર. ૧૦૬
તે ઉપર રીઝે રંગીલો રસબસ, થઇને રંગ રેલરે;
સહુ મલીને સાભળજો, ભાઇ કહુ છું વારંવારરે; ર ૧૦૭
ભુલ્યા ચુકયા માફ કરજો કરત છે કીરતાર, રણ. ર. ૧૦૮
સંવત અઢાર અગનોતેરે, આઠામ આશો માસરે,
કૃષ્ણ પક્ષને રવિવારે, ગુણ ગાય છે રણછોડ. ર. ૧૦૯

રાગ પુનમચાંદનીનો.

સુંદીર સ્યામની શોભા બીલી ધણીરે, બીરાજે ડકપુરકમા રસીયા રાય
રણછોડ, હેને નમીએ સંગાથે સંતો આપણેરે,
સાખી. એક દ્રષ્ટીથી નીરખીએ, સુરતાથી શુભ સાર;

ચત્રુભુજ ચીત ચાહીને. ઉપ ઉતારી ચીતાર.
જેથી પુર્વ જનમનાં પાપ જસે પળ એકમારે,
ભાગે ભ્રાંતી શ્રાન્તી કરતા શ્રી ગોપાળ હેતે નમીએ. ૧

હીરા રત્ન જડીત્ર છે, મણી મય મુગટ સીશ;
મોર પીછ કલગી ધરી, સીરપર શ્રી જુગદીશ.
તેના તેજ તણો નહી પાર, અતીચળકાર છેરે;
ફેંટો વેટયો સુદીર પેચ પુરા પચરંગ. હેતે નમીએ. ૨
ભાલ તીલક કેસર કરી, કસ્તુરી અતી ખાસ;
કમળ નયન ભ્રગુટી ભરી, સસી મુખ મંદ હાસ્ય.
ધારી મધુર મોરલી અધર કર સામીનેરે,
કાને કુંડળ જડીયા નીલ મણી નંગ. હેતે નમીએ ૩
તન અત્તરથી તર કરી, પીતામ્બર બહુ બેસે;
જામા જરકસી કૃષ્ણના, ખભે ખાંતીલા ખેસ.
જાઇ જુઇ ગુલાબ ચપા તુળસી હાર છેરે,
કમર કસી છે પટકે કેસવ કરૂણા નંદ. હેતે નમીએ ૪
મુકતા માળ મોહન ધરી, કંઠે એકાવળ હાર;
ચંદન હાર ચીત ચોટતુ, મણી માંણક સણગાર.
હીરા કંઠી નવસર હાર હરીને ઓપતારે,
ઉજવળ સ્ફાટીક રૂદીયે મોહન માળા હાર. હેતે નમીએ. ૫
કટી કંદોરા કનકના, પોંચી રત્ન જડીત્ર;
બાજુ બંધ બાંહે ધર્યા, મુદ્રિકા મણી ચીત્ર.
દસે આગળીયો દીપી છે દીનાનાથનીરે,
વેડ વીટી સોભે લોભે મન લલચાય; હેને નમીએ ૬

ઝાંઝર પાએ જમકતાં, તોડા તેજ વીસેસ;
છે સોનાનાં સાંકળા, અલંકાર બહુ બેસ.
જુમખે લુમખે ઝાઝી ઘુઘરીનો ઘમકારછેરે;
પગ નાજુગ અગુડી પ્રભુની પુર્ણ પવીત્ર. હેતે નમીએ ૭
હડપચી હીરો ચળકતો, ચતરભુજ ઘનસ્યામ;
સુસોભીત છબી ન્યાળીને, પામે મન વીરામ.
સંખ ચક્ર ગદા પદમને ધારણ કરીરે,
સનમુખ ઉભા શ્રીજી ચૌદ લોકના નાથ હેતે નમીને. ૮
કનક પાવડી કૃષ્ણની, પાય સમીપ સોહાય;
સોના છત્ર સીર ઉપરે, પળ પળ ચમર થાય
છડીદાર ખમા ખંમા કરતા નાથનેરે,
રસીયા વસજો મારે રૂદીયાગે પ્રાણ આધાર, હેતે નમીને ૯
ઉતારી પ્રભુ આરતી, વઇષ્ણવ ભીડ અપાર;
અગ ઉલટ માતો નથી નીરખી નદ કુમાર.
સ્તુતી કરવી સામળીયાની સુખ પદ પામવારે.
સીવરામને તો છે તારો આધાર; હેતે નમીએ સંઘાતે સંતો આપણેરે

શ્રી માહારાજ.

સામીનારાયણ રણછોડ, વાસો મારી રૂદીયામા,
સુખ સાગર શ્રી રણછોડ વસો મારી રૂદીયામાં
પ્રાત સમે પ્રભુના મુખ નીરખી, આનદ ઉર ન સમાયરે;
સુરીવર મુનીવર વેદ વખાણે નારદ સારદ ગાય. વસો.
રસભીના રાય, સુખ સાગર,
કોટી વદન છબી મુખ પર વારી, અકલીત રૂપે યારરે;

મંગળ રૂપ મનોહર મોહન; સેવક સુખ ભંડાર વસો.
તાલ મૃદંગ વીણા રસ વાગે, મુખ મોરલી ધન ઘોરરે,
પ્રેમ કરીને પીધારસ બધુ, ગોપી ચંદ્ર કીશોર વસો.
કુંચન થાળ કપુર ભરી માંહી, પાંચે જોત પ્રકાશરે,
આરતી ઉતારૂ મારા અલબેલાની, રાધા રમણ વીલાસ. વસો.
અષ્ટે સીદ્ધી આગળ ઉભી, મુખથીં રહી કરજોડરે;
પ્રાણજીવત પરશોત્તમ સ્વામી, રાજ કરો રણછોડ. વસો,

આરતી.

જે રણછોડરાયા જે રણછોડરાય,
આરતી કીજે મહારાજાની લોપે નવ માય, જે રણછોડ. ટેક ૧
મોર મુગટ શીર છત્ર બીરાજે, મણી માણક ચળકે જોને મણી,
પુસ્પ બહુ મુગતાના, તોરા ચરણ સુધી લળકે જે રણછોડ. ૨
પાઘ કુસુંબી ઝીણા સર બધ છોગાં બહુ ત્વરીયા (૨)
તીલક લીલાવટ હીરા માણક મોતી બહુ ભરીયા. જે રણછોડ. ૩
કેસરી આડ મકરાકૃત કુંડળ, દધી સુત બેઉ જડીઆં, (૨)
એક કટાક્ષે ભ્રકુટી કેરા ત્રણ ભોવન ધડીઆં, જે રણછોડ ૪
અમુલ વરની આખડલી, ધર્યું ચુબક ગાલે,
મુખારવીંદ તણી શી શોભા કેસર છે લાળે, જે રણછોડ ૫
અમુલ્ય હીરાં હોઠ બીરાજે, કોટી રવી ચળકે,
કૌસ્તુભ મણી કઠમા ઓપે માળા બહુ લળકે, જે રણછોડ ૬
અનેક આભૂક્ષણ રત્ન હીમનાં પુસ્પની માળા,
તુળસી હાર ચડાવે પ્રભુને તેજ ન બહુ વાળા જે રણછોડ. ૭

જરકશી જામો અંગે સોહાએ. વીવીધ બહુ ભાતી,
ઈંદ્રાદીક બ્રહ્માદીક દક્ષપ તરેહ તરેહ ભાતી. જે રણછોડ. ૮
ચતુરભુજ પુરૂષોતમ પુરણ અવીનાશી નામે,
શંખ ચક્ર ગદા પદ્મ બીરાજે દેવ દક્ષણ વામે, જે રણછોડ. ૯
કટી મેખલા પીતાબર ઉપર, બાધ્યાં છે પડકે;
દીનોનાથી દીસે છે દયાળુ, અજબ બન્યો લટકો. જે રણછોડ, ૧૦
ચરણ કમળ આનંદ સાગર, શેવક સુખકારી;
જે જન આવી નીરખે પ્રભુને દુ.ખ કાપે ભારી. જે રણછોડ ૧૧
છડી વાંસળી નેપુર ઓપે, નટવરને વેશે;
ગોપ થઇને ગાયો ચારી ગોપી રમ્યા રાસે. જે રણછોડ ૧૨
જો પ્રભુ આપ અનાથનો નાથ, તે ડકપુર વાશી;
ડાકોર નાથ થઇને બેઠા પોતે અવીનાશી. જે રણછોડ. ૧૩
આઠ શીખર ગોડીધર ઉપર ચાઘ્રડીઆં વાગે,
નોબત શબ્દ સુણે જે પ્રાણી દુખ તેનાં ભાગે. જે રણછોડ. ૧૪
દરસન દીનાનાથ દયાળુના જે આવી કરશે,
કોટી જનમનાં પુરણ પ્રાશ્ચિતે પળમા હણશે જે રણછોડ ૧૫
આરતી એ પુરશોતમ કેરી પ્રેમ ધરી ગાશે, જે કોઇ પ્રેમ ધરી ગાશે
સુખ સંપત તે પ્રાણી વઇકુંઠ જાશે. જે રણછોડ. ૧૬

શ્રી રણછોડરાય મહારાજની આરતી સંપૂર્ણ.

રણછોડજીની તથો.

સખી પડવે પુરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે,
રૂડો રણછોડજીનો ધરમ વેદ વખાણેરે,
સખી બીજે બોડાણોજી બોલ કહે છે એવારે,
રાખશો તો રહેસે તોલ, ઉપજે એવારે.
સખી ત્રીજે તુલશીના વન, પ્રભુને પ્યારારે
હાથમાં વાવે હરીના જન, શોભે સારારે.
સખી ચોથે ચાલી જાય વશમી વાટેરે
રૂદીયામા રણછોડરાય મળવા માટેરે,
સખી પાચમે પડયા પથ તડકા તપતારે,
શેવા કરે હરીના જન મારા મનમારે,
સખી છઠે છાપાં અંગ ધણીના ધરીયારે,
સખી રૂદીયા સાથે રંગ હવે નેન ઠરીયારે,
સખી શાતમે સુંદર શામ મોહન મળીઆરે,
હુતો આવીશ તમારે ગામ ફેરા ફળીઆરે,
સખી આઠમે જોડી વહેલ બળવત બેઠારે,
પુરવ દેશમાં કરી મહેર પંથમાં પેઠારે,
સખી નુમે નમવા જાય આણી રાખેરે.
શેરક સુતા સાંગીમાય હરી રથ હાકેરે.
એકાદશીના દન ગુગળી ઘેરારે.
મધરાતે આવ્યા માહારાજ હેરણ હેરયાંરે,
સખી બારશે બાંધા છે માલ સેવકથી છાનારે.
સોનુંતો સવાવાલ પુજીમાં પામ્યારે;

સખી તેરશે ગુગળી ઘેર પાછા ફરીઆરે.
મધરાતે આવ્યા મહારાજ કારજ શરીયારે,
સખી ચઉદસે ચરણામૃત પ્રેમે પીધારે.
હરી કહણ થયા નંદલાલ સંદેશા ન કીધારે,
સખી પુનમે દરશન કરવા જાય નરને નારીરે,
કાઇ હેત કરીને ગાય તેનો લે તારીરે,
સખી પંદર તથો સાતવાર જે કોઇ ગાસેરે,
તેને મલસે દ્વારકાનો નાથ વઈકુંઠ જાસેરે

સમાપ્ત.

જાહેર ?

સર્વે સદ્‌ગ્રહસ્થોને ખબર આ
નીચે લખેલી કીમતે પૂસ્તકો આપવ

ચોપડીનું નામ.	કિમત.		
મહાભારત અઢારે પર્વ.	૩-૮-૦	મરથરી નાટક	
શ્રીમદ્ ભાગવત.	૨-૮-૦	રાણકદેવી.	
શીવપૂરાણ.	૧-૮-૦	પ્રભાત સંગ્રહ મોટું.	
કૃષ્ણચરીત્રણો કુળ મોટું.	૧-૬-૦	ગ્નાન ઉપદેશ	
બત્રીસ પૂતળીની વારતા.	૧-૨-૦	છ રાગ ઓછા પદ માળા.	૦
કાવ્યદોહન ભાગ-૧-૨-૩	૦-૧૦-૦	નાટારંગ.	૦-૧
રમાયણ વચલું.	૦-૯-૦	નવરંગ.	૦-૬-
સુડાબોતેરી વારતા ૭૨	૦-૮-૦	અંબીકા કાવ્ય.	૦-૬-
બીરબલબાદશાહભા.૧થી૧૨	૦-૮-૦	ઓડાણા આખ્યાન	૦-૦-
ધોળ પદ.	૦-૩-૦	રણછોડજીના ગરબા.	૦-૦-૬
છોટમકૃત.	૦-૪-૦	દાણલીલા.	૦-૦-૬
દયારામકૃત	૦-૫-૦	અંબાજીના ગરબા આરતી	૦-૦-
રૂખિરાજના પદ	૦-૪-૦	છંદ વીગેરેના	
નડાપચીસી	૦-૩-૦	જગત અંબા.	૦-૧-૦

ઉપર લખેલી ચોપડીઓ શિવાય બીજી તમામ જાતની ચોપ-
ડીઓ અમારે ત્યાંથી કિફાયત ભાવે મળશે.

મળવાનું ઠેકાણું.

...ડી મણીલાલ હરીભાઇ મુકામ ડાકોર-રણછોડજીપાછળ
..૦ માણેકલાલ ગુલાબદાસ મુકામ વડોદરા-કોઠી પોળ સામે.